# Day to Day Current Affairs
## September – 2015

❖ ૨ સપ્ટેમ્બર, ૨૦૧૫ (બુધવાર)

**1) શ્રાવણ વદ પાંચમ :– નાગ પંચમી**

**2) આઝાદી પહેલાની સરકાર :–**

- વર્ષ – ૧૯૪૬માં આજના દિવસે ભારતની પહેલી મધ્યવર્તી સરકારની રચના થઈ હતી.
- સંપૂર્ણ આઝાદી આપતા પહેલા અંગ્રેજોએ નહેરૂના વડાપ્રધાનપદ હેઠળ સત્તાનું હસ્તાંતરણ કરવા માટે આ સરકાર રચી હતી.

**3) તેજિન્દરસિંહ :– મૂળ ભારતીય (હાલમાં ઓસ્ટ્રેલિયા)**

- ભારતીય મૂળના તેજિન્દરસિંહને 'ઓસ્ટ્રેલિયન ઓફ ધ ડે' નો ખિતાબ મળ્યો.
- ગરીબોની સેવા કરવા બદલ તેમને આ એવોર્ડ (સન્માન) પ્રાપ્ત થયું.

**4) ATM :– ઓટોમેટેડ ટેલર મશિન**

- વર્ષ – ૧૯૬૯માં આજના દિવસે દુનિયામાં પહેલી વખત એટીએમ મશીનને લોકોની સામે આવ્યું હતું.
- તેને અમેરિકાની રાજધાની ન્યૂયોર્કમાં લગાવવામાં આવ્યું હતું.
- આ મશીન કેમિકલ બેન્કે પોતાના ગ્રાહકો માટે લગાવ્યું હતું.
- આ મશીન ડોન વેટજલે બનાવ્યું હતું.

**5) ભારત – શ્રીલંકા ટેસ્ટ શ્રેણી :–**

- તાજેતરમાં શ્રીલંકા ખાતે યોજાયેલ ૩ ટેસ્ટ મેચની શ્રેણીમાં ભારતનો ૨ – ૧ થી વિજય થયો.
- આ સાથે ભારતે ૨૨ વર્ષ બાદ શ્રીલંકાની ભૂમિ પર ટેસ્ટ શ્રેણી પર કબજો કર્યો હતો.
- ટેસ્ટ કેપ્ટન વિરાટ કોહલીની કેપ્ટન તરીકે આ પ્રથમ શ્રેણી વિજય છે તેમજ કોહલી વિદેશની ટેસ્ટ શ્રેણીમાં વિજય મેળવનાર ભારતનો સૌથી યુવા કેપ્ટન બન્યો છે.
- અગાઉ સૌથી યુવા વયે ટેસ્ટ શ્રેણી વિજયનો રેકોર્ડ પટૌડીના નામે હતો તેમણે વર્ષ – ૧૯૬૮માં ન્યુઝિલેન્ડને તેની જ ભૂમિ પર ટેસ્ટ શ્રેણીમાં હરાવ્યું હતું.
- ભારત – શ્રીલંકાની આ શ્રેણીમાં શ્રીલંકાના દિગ્ગજ બેટસ્મેન કુમાર સાંગાકારાએ નિવૃત્તી લીધી હતી.
- પ્લેયર ઓફ ધ સીરીઝ :– આર. અશ્વિન
- પ્લેયર ઓફ ધ મેચ :– ચેતેશ્વર પુજારા

Vivekanand Academy, Gandhinagar